# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અંભેટી ખાતે પ્રાકૃતિક ખેતી પરિસંવાદ યોજાયો










કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અંભેટી જિ- વલસાડ  દ્વારા માનનીય મહામહિમ રાજ્યપાલશ્રી અને ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદના માનનીય કુલપતિશ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને અને ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી  ભૂપેન્દ્રભાઇ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં તારીખ ૧૪ ઓગસ્ટ ૨૦૨૩ ના રોજ અંભેટી આશ્રમ ખાતે **પ્રાકૃતિક ખેતી પરિસંવાદ** નું આયોજન ગૂજરાત વિદ્યાપીઠ મંડળના સચિવશ્રી હર્ષદભાઇ પટેલના માર્ગદર્શન હેઠળ  કરવામાં આવેલ હતું.

માનનીય રાજ્યપાલશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રી એ કૃષિ વિજ્ઞાન કેન્દ્રની મુલાકાત લીધી હતી અને કેન્દ્ર દ્વારા પ્રાકૃતિક ખેતીના વ્યાપક પ્રચાર માટે કરવામાં આવતી કામગીરીથી વાકેફ થયા હતા. અને બન્ને મહાનુભાવોએ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર આવેલ દેશી ગીર ગાયોની ગૌશાળાની પણ  મુલાકાત લીધી હતી. સાથે સાથે કેન્દ્ર દ્વારા પ્રાકૃતિક કૃષિ તાલીમ વ નિદર્શન એકમ ખાતે તૈયાર કરાયેલ

જીવામૃત, ઘન જીવામૃત સહિત પ્રાકૃતિક ખેતીમાં ઉપયોગમાં લેવાતા વિવિધ ઘટકો અને સામગ્રીનું નિરીક્ષણ કરી કેન્દ્રના અધિકારીઓ સાથે ચર્ચા કરી માહિતી મેળવી અને માર્ગદર્શન આપ્યું હતું.

પ્રાકૃતિક ખેતી પરિસંવાદમાં માનનીય મુખ્યમંત્રીશ્રી  ભૂપેન્દ્રભાઇ પટેલે કહ્યું કે માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી એ બેક ટુ બેઝિક ના મંત્ર સાથે ઝીરો બજેટની પ્રાકૃતિક ખેતી ને દેશમાં ગતિ આપી છે. તેમણે કહ્યું કે આવનારી પેઢીને સ્વસ્થ અને સશક્ત બનાવવા માટે રાજ્યપાલશ્રીના પ્રયાસોથી પ્રાકૃતિક ખેતી ની ઝુંબેશ જન અભિયાનના રૂપમાં ગામેગામ પહોંચી રહી છે. હાલમાં ઘટી રહેલા કુદરતી સ્ત્રોતોને સજીવન કરવા માટે પ્રાકૃતિક ખેતી અપનાવવા ખેડુતોને સમજ આપી હતી.

આ પ્રસંગે માનનીયશ્રી આચાર્ય દેવવ્રતજી એ જણાવ્યુ હતું કે પ્રાકૃતિક ખેતી ધરતીમાતાની સેવા સાથે ઉપાસના છે. મનુષ્ય માટે ઉત્તમ સ્વાસ્થ્ય અને તે માટે ઉત્તમ આહાર જરૂરી છે. ફક્ત પ્રાકૃતિક ખેતી થકી ઉત્પન્ન પેદાશો જ માનવીને નિરોગી રાખી શકે. તેમણે દેશી ગાયના ગોબર અને ગૌમૂત્ર નો ઉપયોગ કરીને ધરતી માતાને જીવંત બનાવી આવનારા પર્યાવરણિય બદલાવો સામે ખેતી, જૈવ વિવિધતા, અળસિયા અને સૂક્ષ્મ જીવો આધારિત પ્રાકૃતિક ખેતી કરવા માટે ખેડુતોને પ્રેરિત કર્યા હતા. તેમણે જણાવ્યું કે રાજ્યમાં ૭.૭૫ લાખ ખેડુતો પ્રાકૃતિક ખેતી અપનાવી છે. તેમજ  રાજ્ય સરકારના પ્રયાસોથી હાલમાં રાજ્યની ૬૭૭૫ ગ્રામ પંચાયતોના દરેક ગામમાં ૭૫ ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે.

આ કાર્યક્રમમાં રાજ્યના નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ, સંસદસભ્યશ્રી ડો. કે.સી. પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી અલકાબેન શાહ, જિલ્લા કલેક્ટર ક્ષિપ્રા આગ્રે, જિલ્લા વિકાસ અધિકારીશ્રી મનિષ ગુરવાણી , કપરાડાના ધારાસભ્યશ્રી જીતુભાઇ ચૌધરી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

આ સાથે જિલ્લાના વિવિધ વિભાગો દ્વારા પ્રાકૃતિક ખેતીને અનુરૂપ કૃષિ પ્રદર્શન ના વિવિધ સ્ટોલ્સ પણ ગોઠવવામાં આવેલ હતા. કાર્યક્રમમાં જિલ્લાના વિવિધ ગામોમાંથી મોટી સંખ્યામાં ખેડૂતભાઇ બહેનોએ ભાગ લીધો હતો.

કાર્યક્રમના અંતે ગૂજરાત વિદ્યાપીઠ મંડળના સચિવશ્રી હર્ષદભાઇ પટેલ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.